મહેસાણા ખાતે પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી

મહેસાણા, તા. ૨૭

રાજયપાલ ઓ.પી. કોહલીએ મહેસાણામાં ૬૯મા પ્રજાસત્તાક પર્વના મંગળ પ્રભાતે, પોલીસ બેન્ડવાદકો દ્વારા રાષ્ટ્રગીતની ગૌરવશાળી ધૂનની સૂરાવલીઓ અને ભારતીય વાયુદળના હેલિકોપ્ટરમાંથી પુષ્પ પાંખડીઓની વર્ષા અને દેશભકિતની લાગણીઓથી છલોછલ વાતાવરણમાં રાષ્ટ્રધ્વજ ત્રિરંગો લહેરાવ્યો હતો. ગણતંત્ર દિવસના આ મુખ્ય સમારોહનો નજારો માણવા રાષ્ટ્રપ્રેમથી તરબતર હજારોની સંખ્યામાં જિલ્લાવાસીઓ, પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ઉમટી પડયાં હતા. રાજયપાલ ઓ.પી. કોહલીની સાથે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉન્નત ભારતના ગૌરવ સમાન રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

મહેસાણાના આંગણે ગણતંત્ર પર્વની ઉજવણી નિહાળવાના લોકોત્સવની અસીમતાની પ્રતીતિ એ વાતથી થતી હતી કે સવારથી જ માનવમહેરામણ ઉમટી પડ્યું હતું. લોકોએ શરૂઆતથી અંત સુધી રસપૂર્વક સમગ્ર કાર્યક્રમને માણ્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, રાજયના જિલ્લા મથકોએ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી યોજીને પ્રજાશકિતને સહભાગીદાર બનાવવાના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સમગ્ર દેશમાં આગવી અને ક્રાંતિકારી પહેલના પગલે ૬૯મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી મહેસાણાના આંગણે યોજાઈ હતી.

સ્થાનિક શાળાઓના વિદ્યાર્થીઓના વિશાળ વૃંદે આત્માની ચેતનાનું શારીરિક બળ સાથે ભારતીય યોગ પરંપરાના વારસારૂપ કરતબો રજૂ કરીને આ સમારોહમાં અનેરૂં આકર્ષણ જમાવ્યું હતું.

૩૨ પ્લાટુનમાં ૧૦૭૭ જેટલા જવાનોએ આઈ.પી.એસ અધિકારી-કમાન્ડર પ્રેમસુખ દેલુંના નેતત્વમાં પરેડ યોજાઈ હતી.

પોલીસ બેન્ડની જોમ જગવતી સૂરાવલીઓ સાથે તાલ મિલાવતી, પ્રભાવશાળી કૂચ કદમ (માર્ચ પાસ્ટ) ગણવેશધારી ટુકડીઓએ રજૂ કરી ત્યારે લોકોએ હર્ષનાદોથી જવાનોને વધાવી લીધા હતા. શ્વાન દળ અને પોલીસના મહિલા અને પુરૂષ મોટર સાઈકલ સવારો દ્વારા રૂવાંડા ખડા કરી દે તેવી રોમાંચક કવાયત લોકોના આકર્ષણનું કેન્દ્ર પુરવાર થઈ હતી.

આ ઉપરાંત બાળકો દ્વારા યોગ નિદર્શન, ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ભવાઈ કાર્યક્રમ જેમાં બળદેવભાઈ નાયક અને ૩૦૦ વિદ્યાર્થીઓ દ્વારા ભવાઈ કાર્યક્રમ, પાટણ ગ્રુપ અને અર્બન, શબરી સ્કુલની ૨૯૦ વિદ્યાર્થીઓ દ્વારા પાટણ સેર કાર્યક્રમ, ગણપત યુનિવર્સિટીના ૩૫૦ વિદ્યાર્થીઓ દ્વારા કેસરીયો રંગ ફુલ માંડવી ગરબો, ડિવાઈન સ્કૂલ દ્વારા ૩૩૮ વિદ્યાર્થીઓ દ્વારા અડીખમ ગુજરાત અને ઉંઝાના શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વંદેમાતરમ કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો.

પોલીસ વિભાગ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, રાઈફલ ડ્રીલ, હેરત રજૂ કરી દેનારા મોટર સાઈલક સ્ટંટ શો, જુડો, કરાટે જીમ્નાસ્ટીક, ડોગ શૉ, અશ્વ શૉ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. શ્રેષ્ઠ કામગીરી કરનારને પુરસ્કાર અને ટ્રોફી વિતરણ કરાયું હતું. જેમાં પરેડમાં પ્રથમ નંબરે પ્લાટુન નંબર ૦૪ સશસ્ત્ર સીમા દળ, બીજા નંબરે એસ.આર.પી. ગ્રુપ ૦૭ અને ત્રીજા નંબરે મહેસાણા પોલીસ પ્લાટુનને રાજ્યપાલશ્રી તેમજ મુખ્યમંત્રીએ ટ્રોફી એનાયત કરી હતી. આ ઉપરાંત મોટર સાયકલ સ્ટંટના શ્રેષ્ઠ ચાલકોને ટ્રોફી એનાયત કરાઈ હતી. જેમાં પ્રથમ નંબરે સંયુક્તપણે જયેશ ચૌધરી અને હરપાલસિંહ વસોયા તેમજ મહિલા પોલીસ પૂજાબા ખુમાણ અને કિષ્ણાબહેન વસાવાને એનાયત કરાઈ હતી.

ધાનેરા મામલતદાર કચેરી ૨૬મી જાન્યુઆરીના દિવસે તિરંગા વગર સુની સુની

ધાનેરા, તા. ૨૭

ધાનેરામાં મામલતદાર કચેરી ખાતે રાષ્ટ્ર તહેવારની ઉજવણી બંધ કરી દેતા લોકો રાષ્ટ્રધ્વજને સલામી આપવાથી વંચિત રહી જાય છે. માટે લોકોની

માંગ ઉઠવા પામી છે કે પહેલાની જેમ ફરીથી મામલતદાર કચેરી ખાતે રાષ્ટ્ર તહેવારની ઉજવણી કરવામાં આવે.

વર્ષોથી ધાનેરા મામલતદાર કચેરી ખાતે ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હતી. જેમાં ધાનેરાની તમામ શાળાના બાળકો ધાનેરા શહેરમાં પ્રભાતફેરી ફરી ધાનેરા મામલતદાર કચેરી ખાતે આવતા અને મામલતદાર કચેરી ખાતે ધાનેરા અધિકારીગણ, શિક્ષકો, બાળકો, રાજકીય અગ્રણીઓ તેમજ ખુબજ મોટી સંખ્યામાં ધાનેરાના લોકો ભેગા મળી ધ્વજવંદન કરતા અને તિરંગાને સલામી આપતા અને તે બાદ અધિકારીઓ અને રાજકીય લોકો ધ્વારા લોકોને રાષ્ટ્ર તહેવારથી માહિતગાર કરવામાં આવતા. પરંતુ છેલ્લા કેટલાય સમયથી આ જગ્યા ઉપર રાષ્ટ્ર તહેવારની ઉજવણી બંધ કરી દેવામાં આવી છે. બાળકો અધિકારીઓ તેમજ રાજકીય લોકો તો વિવિધ જગ્યા ઉપર ધ્વજવંદન કરી તિરંગાને સલામી આપી રાષ્ટ્ર તહેવારની ભવ્ય ઉજવણી કરે છે પરંતુ ધાનેરાની આમ જનતા તિરંગાને સલામી આપવાથી વંચિત રહી જાય છે માટે આજે ધાનેરાના લોકોની માંગ ઉઠવા પામી છે કે પહેલાની જેમ ફરીથી ધાનેરા મામલતદાર કચેરી ખાતે રાષ્ટ્ર તહેવારોની ઉજવણી કરવામાં આવે.

દર વખતે તો જે જગ્યા ઉપર રાષ્ટ્ર તહેવારની ઉજવણી કરવામાં આવતી હતી. તે જગ્યા ઉપર ધાનેરાના મામલતદાર અને નાયબ કલેકટર જતા પરંતુ ધાનેરા મામલતદાર કચેરી ખાતે ધ્વજવંદન કરીને પરંતુ આજે તમામ અધિકારીઓ મામલતદાર કચેરી ખાતે ધ્વજવંદન કર્યા વગર જ ચાલતી પકડતા લોકોમાં અનેક તર્કવિતર્ક ઉઠવા પામ્યા હતા અને ધાનેરા મામલતદાર કચેરી ૨૬મી જાન્યુઆરીના દિવસે તિરંગા વગર સુની સુની લાગી રહી હતી.

અરવલ્લી જિલ્લા કક્ષાના પ્રજાસત્તાકદિનની મોડાસામાં ધામધૂમપૂર્વક ઉજવાણી

૬૯માં પ્રજાસત્તાકદિનની ઉજવણી સમગ્ર દેશમાં ગૌરવપૂર્વક કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા કક્ષાની ઉજવણી મોડાસા શહેરની જીનિયસ સ્કૂલના પાસેના મેદાનમાં જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. જેમાં જિલ્લાકક્ષાના ઉચ્ચ અધિકારીઓ પદાધિકારીઓ અને વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૬૯માં રાષ્ટ્રીયની રંગારંગ ઉજવણીમાં જિલ્લાતંત્રના વિવિધ વિભાગો દ્વારા આકર્ષક ટેબ્લોએ આકર્ષણ જમાવ્યું હતું. પોલીસ પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

અરવલ્લી જિલ્લા પોલીસ સલાહકાર બોર્ડમાં નિમણુંક

અરવલ્લી, તા. ૨૭

અરવલ્લી જિલ્લા પોલીસ

સલાહકાર બોર્ડમાં જિલ્લા પોલીસ અધિકારીએ ધનસુરા તાલુકાના હીડી ગામના અગ્રણી કાર્યકર માનસિંહ અમરસિંહ મકવાણાની નિમણુંક કરતાં ધનસુરા તાલુકાનું ગૌરવ વધાર્યુ છે.

લાઈટ બંધ થતાં ધનસુરા બોર્ડના હેલ્પરનો ઉદ્ધત જવાબ

ધનસુરા, તા. ૨૭

ધનસુરા વિદ્યુત બોર્ડના એક હેલ્પર કે જે બપોરે ઓફિસ ખાતે હાજર હતો. લાઈટ બંધ થતાં ફરજ ઉપરના હેલ્પરે ફોન ઉઠાવતા એક ગ્રાહક હરેશભાઈ પંચાલે લાઈટ બંધ થતા ઓફિસમાં ફોન કરી પુછતા હેલ્પર ભિખાભાઈ વણકરે ઉદ્ધત જવાબ આપતા કહ્યુ કે ફોન નહિ કરવો, ગયુ છે એટલે આવશે ઉપલી ઓફિસે ફોન કરો ગ્રાહકે આ ઉદ્ધત જવાબ સાંભળી હેલ્પર ફરજ ઉપરના હેલ્પરને કહ્યું આ રીતે જવાબ આપો છો તે બરોબર નથી. હેલ્પરે ઉદ્ધતાઈથી કહ્યું કે તમારાથી થાય તે કરી લો. ધનસુરા જી.ઈ. બોર્ડના ડેપ્યુટી એન્જિનિયરે આ અંગે તપાસ કરી ફરજ ઉપરના આવા બેદરકાર કર્મચારી સામે પગલા લેવા જોઈએ.

પાલનપુરમાં ૨૫ વર્ષીય યુવકે જીવન ટૂંકાવતા ચકચાર

પાલનપુરમાં આપઘાતનું પ્રમાણ ચિંતાજનક હદે વધી રહ્યું છે. ગતરોજ પાલનપુરના દિલ્હીગેટ વિસ્તારમાં વધુ એક આપઘાતનો બનાવ બન્યો હતો. દિલ્હીગેટના ઠાકોરવાસમાં રહેતા એક ૨૫ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. દિલ્હીગેટ ઠાકોરવાસમાં રહેતા ૨૫ વર્ષીય મહેશભાઈ ભરતજી ઠાકોરે અગમ્ય કારણોસર તેના મકાનમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

પ્રાંતિજના સલાલ ખાતે તાલુકાનો પ્રજાસત્તાક પર્વની ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલ ખાતે ૬૯માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાંતિજના સલાલમાં આવેલ પ્રાથમિક શાળા નંબર-૧ ખાતે તાલુકા કક્ષાનો ૬૯માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાંતિજ મામલતદાર આર.કે. પટણી, તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયા. તાલુકા પ્રાથમિક શિક્ષણા અધિકારી ટી.કે. વાઘેલ, પ્રાંતિજ પીઆઈ એ.આર. ચાવડા સહિત અધિકારીઓ કર્મચારીઓ તથા ગામજનો તથા શાળાના બાળકો સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં અને ધ્વજને સલામી આપી હતી. ધ્વજવંદન પછી સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતાં.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા

આ વખતે પ્રાંતિજ વોર્ડ નંબર-૪ લાલ દરવાજા ખાતે પ્રજાસત્તાક પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નગરપાલિકાના પ્રમુખ નિરવભાઈ પરીખ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકા કોર્પોરેટરો સહિત ગામના આગેવાનો ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ માર્કંડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ વૃધ્ધાશ્રમ ખાતે પણ વૃધ્ધાશ્રમના સંચાલક વિભાષભાઈ દ્વારા દર વર્ષની જેમ ૬૯મો પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વૃધ્ધાશ્રમમાં રહેતાં એકસ આર્મી માવજીભાઈ કલાસવા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. વૃધ્ધાશ્રમના વૃધ્ધો દ્વારા તિરંગાને સલામી આપી હતી. પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી હતી.

ખેડબ્રહ્મામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

ખેડબ્રહ્મામાં ધામધૂમથી ૨૬મી જાન્યુઆરીની ઉજવણી કરવામાં આવી હતી. શ્યામનગર ખાતે આવેલ આર્દશ નીવાશી શાળા ખાતે અરવીંદભાઈ રાવલના વરદહસ્તે ધ્વજ ફરકાવવામા આવ્યો હતો. તાલુકા કક્ષાનો પ્રોગ્રામ દિધિયા ગામે યોજાયો હતો. જેમાં પ્રાંત અધિકારી કૌશિક મોદીએ સલામી આપી હતી. નવા મારવાડામાં શાળાની ઉચ્ચ અભ્યાસ કરેલી દીકરી તન્વી બી. પ્રજાપતિ દ્વારા ધ્વંજવંદન કરવામાં આવ્યું હતું.

ધાનેરામાં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી

ધાનેરામાં ૨૬મી જાન્યુઆરીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધાનેરા સરકારી કચેરીઓ તેમજ શાળાઓમાં ઉત્સાહ સાથે તિરંગાને સલામી આપી હતી.પ્રજાસત્તાક દિવસની ગુજરાત સહીત સમગ્ર દેશમાં ખુબજ ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આજે ધાનેરા તાલુકા પંચાયત ખાતે પ્રમુખ ધ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં ધાનેરા તાલુકા વિકાશ અધિકારી મફતલાલ જોશી સહીત રાજકીય અગ્રણીઓ અને લોકો હાજર રહ્યા હતા અને તે બાદ ધાનેરાની ગુરુકુળ વિદ્યાલયમાં ધાનેરા ડો. એમ. એસ. અગ્રવાલ દ્વારા ધ્વજ વંદના કરવામાં આવ્યું હતું. જેમાં ધાનેરામાંથી મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

મોડાસામા પ્રજાસત્તાક પર્વની રંગારંગ દબદબાભેર ભવ્ય ઉજવણી

મોડાસા શહેર દેશભક્તિના રંગે રંગાયું : પ્રજાસત્તાક પર્વ આન, બાન, શાનથી ઉજવાયો

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ૨૬ જાન્યુઆરી ૬૯મા પ્રજાસત્તાક પર્વની આન, બાન, શાન સાથે રાષ્ટ્રધ્વજ ત્રિરંગા લહેરાવી સલામી આપી રંગારંગ દબદબાભેર ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા શહેર ૬૯મા પ્રજાસત્તાક દિન નીમીત્તે શહેરની સરકારી કચેરીઓ સહીત શહેર પણ રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. શહેરના દરેક વિસ્તારમાં દેશભક્તિના ગીતો સતત દિવસભર ગુંજતા રહ્યા હતા. શહેરના નગરજનોમા ૬૯મા પ્રજાસત્તાક પર્વનો અલભ્ય ઉત્સાહ વર્તાતો હતો. શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, મોડાસા નગરપાલિકા, તાલુકા

પંચાયત, જિલ્લા પંચાયત, રાજકીય પક્ષોએ અને શહેરીજનોએ ૬૯મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી યાદગાર બનાવ્યો હતો. શહેરીજનો તેમના નજીકના વિસ્તારમાં થતા ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહી ત્રિરંગાને સલામી આપી હતી.

મોડાસા શહેરની લાયન્સ ક્લબ, મોડાસા નગરપાલિકા, શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે મોડાસા કેળવણી મંડળ, ધી.મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મખદૂમ કેળવણી મંડળ, મદની હાઈસ્કૂલ, સરસ્વતી વિદ્યાલય, ધી ઘાંચી હાઈસ્કૂલ, કરમિયા ગર્લ્સ હાઈસ્કૂલ, સરસ્વતી બાલમંદિર મંડળ, સહીત અર્ધ સરકારી કચેરીઓ દ્વારા ૬૯મા પ્રજાસત્તાક દિન નીમીત્તે ધ્વવંદન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિ ભાવના ઉજાગર કરતા નાટકો અને પ્રજાસત્તાક પર્વનું મહત્વ સમજાવતા પ્રવચનો અને વક્તૃત્વનું આયોજન કરવાની સાથે અભ્યાસમાં અને રમત-ગમત સહીત વિવિધ ક્ષેત્ર ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

૬૩મા વર્ષમાં સતત શૈક્ષણિક સેવાઓમાં અગ્રેસર અને મધ્યમ અને ગરીબ વર્ગના બાળકોમાં ઉચ્ચ શિક્ષણ આપતી સરસ્વતી બાલમંદિર મંડળની રત્નદીપ સોસાયટીની શાખામાં ૬૯મા પર્વની ઉજવણી મંડળના પ્રમુખ નિલેશ જોશી અને હોદેદારોની ઉપસ્થિતિ કરવામાં આવી હતી. મોડાસા સાર્વજનિક હોસ્પિટલના જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાત મેહુલ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને પરિવારની કપરી પરિસ્થિતિમાં પણ પેટે પાટા બાંધી મેહુલ પટેલને ગાયનેક ડોક્ટરની યશશ્વી કારકિર્દી સુધી સંઘર્ષ કરનાર તેમની માતાનું પણ સરસ્વતી બાલ મંદિર મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ધાનેરામાં નવાં-નવાં રોડનું કામ થઈ રહ્યું છે તો ભૂગર્ભ ગટરનું શું થશે ?

ધાનેરામાં નગરપાલિકા દ્વારા લગભગ દરેક સોસાયટી અને બીજી જગ્યાઓ પર રોડ કામ પુર ઝડપે થઈ રયુ છે પરંતુ સરકારનાં ભૂગર્ભ ગટર યોજનાંના ૧૮ કરોડનો ખર્ચ થઈ ગયો છે અને મુર્દત પણ પુરી થઈ ગઈ છે છતાં કામ અધુરૂ છે તો આવાં નવાં બનતાં રોડ કામ માં ગટર યોજનાનુ શુ થશે ? જે પ્રશ્નો ? લોકોનુ કહેવું છે કે ભૂગર્ભ ગટર યોજનાનાં ફિયાસ્કો થયા છે અને રૂપિયા ખવાઈ ગયા છે તો લોકોને ડફોળ બનાવતી સરકાર ખોટા ખર્ચ કરી લોકોનાં પૈસાનુ ધુળ કરી રહ્યા છે. દરેક બાબતે કમીશનોની ટકાવારીથી કામ થઈ રયુ છે પરંતુ અધુરૂ કામ પુરૂં કેમ કરતા નથી લોકોમાં ચર્ચા થઈ રહી છે.